

**૨૦૧૩** **સમાચાર પ્રકાશન**

Ontario

ઓન્ટારિયોનું અંદાજપત્ર

નાણાં મંત્રાલય



# એક સમૃધ્ધ અને નિષ્પક્ષ ઓન્ટારિયો માટેનું અંદાજપત્ર

*નવી ઓન્ટારિયો સરકાર નોકરીઓનાં નિર્માણ કરવામાં મદદ કરે છે અને લોકોને ટેકો આપે છે*

સમાચાર — મે ૨, ૨૦૧૩

**ઓન્ટારિયોનું ૨૦૧૩ અંદાજપત્ર** – એક સમૃધ્ધ અને નિષ્પક્ષ ઓન્ટારિયો – બુધ્ધિમાન રોકાણો કરે છે જે અર્થવ્યવસ્થાને મજબૂત બનાવશે, યુવાવર્ગ માટે નોકરીઓનાં નિર્માણ કરવામાં મદદ કરશે અને **૨૦૧૭-૧૮ સુધીમાં ખાધ દૂર કરવા કાર્યવાહી** કરશે.

**ઓન્ટારિયોનું ૨૦૧૩ અંદાજપત્ર** એક સમૃધ્ધ અને નિષ્પક્ષ ઓન્ટારિયો માટેનું સૂચન **નીચે મુજબ કરે છે:**

- લગભગ ૩૦,૦૦૦ જેટલી સંખ્યાના યુવાવર્ગ માટે નોકરીઓ અને માર્ગદર્શન કરવા માટેની તકોનાં નિર્માણ કરવા અને ઉદ્યમવૃત્તિ અને નવીન શોધખોળોને પ્રોત્સાહન આપવા માટે બે વર્ષના સમયગાળામાં ૨૯૫ મિલીયન ડોલરની એક યૂથ જોબ્ઝ સ્ટ્રેટેજીની સ્થાપના કર છે.
- જાહેર પરિવહન સેવા, રસ્તા, પુલો, ઇસ્પિતાલો અને શાળાઓ માટેના માળખાંમાં રોકાણો દ્વારા નોકરીઓનાં નિર્માણ કરે છે.
- **૯૦ લાખ ડ્રાઇવરો માટે મોટરગાડીના વીમાના દરોમાં આશરે ૧૫ ટકા ઓછા કરે છે.**
- ૪૬,૦૦૦ થી વધુ લોકોને તેઓના ઘરની સગવડો વચ્ચે જ રહીને, **ઘરમાં અપાતી અને સમુદાય-આધારિત સંભાળ,** ઝડપથી મેળવવામાં મદદ કરે છે.
- લઘુ ઉદ્યોગોને એમ્પલોયર હેલ્થ ટેક્સ (Employer Health Tax) માં અપાતી મુક્તિમાં, તેઓના વેતનપત્રકમાં ૪૦૦,૦૦૦ ડોલરથી ૪૫૦,૦૦૦ ડોલર સુધીનો વધારો કરીને, કરમાં રાહત પૂરી પાડે છે.
- સામાજીક મદદ મેળવનારાઓને રોજગાર શોધવામાં અને તેઓની નાણાંકીય સલામતીમાં સુધારા કરવામાં મદદ કરવા પરિવર્તન લાવનારા પગલાં લે છે.

**૨૦૧૨-૧૩ ની ખાધ હવે ૯.૮ બિલીયન ડોલર અંદાજવામાં આવેલ છે – જેમાં ૨૦૧૨ નાં અંદાજપત્રમાં કરવામાં આવેલ અનુમાનની સરખામણીમાં ૫.૦ બિલીયન ડોલરનો સુધારો છે.** તાજેતરમાં જ પૂરું થયેલ **રાજવિત્તીય વર્ષ લાગલગાટ ચોથું વર્ષ રહ્યું છે, જેમાં આ પ્રાંતે અંદાજિત ખાધ કરતાં ઓછી ખાધ હોવાનો હેવાલ આપ્યો છે – કેનેડામાં આ સ્તરની સફળતા દર્શાવનાર આ એક માત્ર સરકાર છે. લાગલગાટ બીજા વર્ષમાં પણ કાર્યક્રમો માટે થનારા ખર્ચનો વધારો એક ટકાથી પણ ઓછો થવાની યોજના કરવામાં આવેલ છે.**

**૨૦૧૨-૧૩** માટેની ખાધના ધ્યેયને પાર પાડવા ઉપરાંત, ૨૦૧૨ ના ૨૦૧૩-૧૪ માટેના અંદાજપત્રમાં રજૂ કરાયેલ ૧૨.૮ બિલીયન ડોલરની અંદાજિત ખાધથી વધારે ૧.૦ બિલીયન ડોલરના સુધારાની પ્રાંત યોજના કરે છે. ૨૦૧૨ ના અંદાજપત્રમાં રજૂ કરાયેલ ૨૦૧૩-૧૪ માટેના કાર્યક્રમો માટે થનારા ખર્ચમાં કોઇ ફેરફાર થયો નથી. ૨૦૧૩-૧૪ બાદ, ૨૦૧૨ ના અંદાજપત્રમાં રજૂ કરાયેલ રૂપરેખા મુજબ ખાધ ઓછી કરવાના ધ્યેયને પહોંચી વળવા અને ૨૦૧૭-૧૮ સુધીમાં ૦.૫ બિલીયન ડોલરની સિલક મેળવવા માટેના માર્ગે સરકાર દૃઢપણે ચાલી રહી છે.

.../2

મહત્વના ભાગીદારો સાથે કામ કરીને સરકાર અર્થવ્યવસ્થાનું નવીકરણ કરનારી છ–વિભાગની એક યોજનાની રજૂઆત કરી રહી છે, જે **ઓન્ટારિયોની** અર્થવ્યવસ્થાને વિકાસ અને નોકરીઓનાં નિર્માણ કરવા માટેની તકો ઝડપવામાં મદદરૂપ થશે:

૧. **ધંધા માટે સ્પર્ધાત્મક વાતાવરણ – એક** સ્પર્ધાત્મક કર વ્યવસ્થા અને અસરકારક નિયમનને ટેકો આપવાથી નોકરીઓનાં નિર્માણ અને અર્થવ્યવસ્થાના વિકાસ માટે નવા ધંધાકીય રોકાણોને પ્રોત્સાહન મળે છે

૨. **આધુનિક માળખું** – જાહેર પરિવહન સેવા, રસ્તા, શાળાઓ અને ઇસ્પિતાલોમાં રોકાણો કરવા એક ફળદાયક અર્થવ્યવસ્થા માટેનો મહત્વનો પાયો છે.

૩. **અતિ કુશળ કર્મચારીઓ – કૌશલ્ય અને ભણતરમાં** રોકાણ કરવાથી, તેમ જ યુવાવર્ગ માટે નોકરીઓનાં નિર્માણ કરવાથી એ બાબતની ખાતરી મળે છે કે પ્રાંતના લોકો કામ કરી શકે અને સમૃધ્ધ બની શકે છે.

૪. **ઉદ્યમવૃત્તિ અને નવીન શોધખોળોને પ્રોત્સાહન આપવું** – વિશ્વવ્યાપી અર્થવ્યવસ્થા માટે નવીન માલસામાન અને સેવાઓમાં રૂપાંતર કરી શકાય એવા કલ્પનો ધરાવનાર **ઓન્ટારિયોના સામર્થ્યને મજબૂત કરવું**

૫. **વિશ્વવ્યાપી બનવું** – ઉદ્યોગો સાથે કામ કરીને માલસામાન અને સેવાઓ સુધી પહોંચી શકાય એ રીતે બજારોનો **ઓન્ટારિયોની સરહદોથી અન્ય પ્રાંતો સુધી, યુનાઇટેડ સ્ટેટ્સ અને ઉભરતી** અર્થવ્યવસ્થાઓ સુધી ફેલાવો કરવો

૬. **ધબકતા અને મજબૂત સમુદાયો** – નોકરીઓનાં નિર્માણ કરવાથી અને અર્થવ્યવસ્થાના વિકાસથી બધા જ સમુદાયો અને પ્રાદેશિક અર્થવ્યવસ્થાઓને ફાયદો મેળવી આપવામાં મદદ કરવી.

**ઓન્ટારિયો**ના પરિવારો માટે વધુ ટેકો પૂરો પાડવા માટે પણ નવી સરકાર પગલાં ભરવાનું ચાલુ જ રાખશે. એ **ઓન્ટારિયોના આદિવાસી લોકો માટેની તકોમાં સુધારા કરશે, સૌથી વધુ હુમલાપાત્ર લોકોનું રક્ષણ કરશે, અને વધુ સલામત અને વધુ મજબૂત** સમુદાયો બનાવશે.

**ઓન્ટારિયોનું ૨૦૧૩ અંદાજપત્ર સૌના ફાયદા માટે** એક સમૃધ્ધ અને નિષ્પક્ષ ઓન્ટારિયોનું નિર્માણ કરશે.

અવતરણો

"**નવી સરકાર ઓન્ટારિયોના બધા જ લોકોને મદદ કરવા અને ૨૦૧૭-૧૮ સુધીમાં** ખાધ દૂર કરવા માટે **કટિબધ્ધ છે. રાજવિત્તીય ધ્યેયને પહોંચી વળવાને પરિણામે, લોકો માટે જે બાબતો રોજબરોજનું મહત્વ ધરાવતી હોય તેમાં રોકાણ કરવાનું આપણે ચાલુ જ રાખી શકીશું. આપણે** આરોગ્ય સંભાળ અને શિક્ષણનું રક્ષણ કરીએ છીએ. યુવાવર્ગ માટે નોકરીઓ માટેની તકો નિર્માણ કરીએ છીએ. અર્થવ્યવસ્થાને મજબૂત કરવા માટેનો આપણો સંતુલિત અભિગમ નોકરીઓ નિર્માણ કરશે અને **સૌના માટે** એક સમૃધ્ધ અને નિષ્પક્ષ ઓન્ટારિયોનું નિર્માણ કરશે."

— Charles Sousa, નાણાંમંત્રી (Minister of Finance)

**સંક્ષિપ્ત હકિકતો**

- સરકાર વાસ્તવિક કુલ આંતરિક ઉત્પાદનના (જીડીપી) વિકાસનું ૨૦૧૩ માં ૧.૫ ટકો, ૨૦૧૪ માં ૨.૩ ટકા અને ૨૦૧૫ અને ૨૦૧૬ એ બન્ને વર્ષમાં ૨.૪ ટકા આલેખન કરે છે.
- સરકારે અંદાજપત્ર પહેલાં ૧,૦૦૦ થી વધુ સંસ્થાઓ સાથે સલાહસૂચનોની આપ–લે કરી હતી અને સમગ્ર ઓન્ટારિયોના સમુદાયોમાં ટેલિફોન ટાઊનહોલ્સ દરમિયાન ૬૦૦,૦૦૦ થી વધુ ઘરગૃહસ્થીઓ પાસેથી સાંભળ્યું હતું.

- **હાલમાં કેનેડામાં, ૨૦૧૨-૧૩ માટેની ખાધ દૂર કરવાના ધ્યેયને પાર પાડવા માટેના માર્ગે ચાલનારી માત્ર બે સરકારોમાંથી એક ઓન્ટારિયોની સરકાર છે. ૨૦૧૭-૧૮ સુધીમાં ખાધ દૂર કરવા પર સરકારે જે ધ્યાન કેન્દ્રિત કર્યું છે, એના કારણે આ પરિણામો આવ્યા છે – અંદાજપત્ર સંતુલિત થઇ જાય એટલે ચોખ્ખા દેવા અને જીડીપીના પ્રમાણને મંદી પહેલાના ૨૭ ટકાના સ્તર સુધી ઓછું કરવાના ધ્યેય દ્વારા એ કટિબધ્ધતાને મજબૂત કરવામાં આવે છે.**

- જૂન ૨૦૦૯ થી અત્યાર સુધીમાં **ઓન્ટારિયોએ લગભગ ૪૦૦,૦૦૦** નોકરીઓ નિર્માણ કરી છે, મંદી દરમિયાન ગુમાવાયેલ બધી જ નોકરીઓ આમ પાછી મેળવી લીધી છે. **મંદી પહેલાના સૌથી વધુ** નોકરીઓનું જે સ્તર હતું એના કરતાં પણ **૧૩૦,૦૦૦** નોકરીઓ હાલમાં વધારે છે.

- **આગામી ત્રણ વર્ષ દરમિયાન ઓન્ટારિયોના માળખામાં ૩૫ બિલીયન ડોલર કરતાં પણ વધુ રોકાણો કરવાની યોજના દર વરસે આશરે ૧૦૦,૦૦૦** નોકરીઓને ટેકો આપશે.

- રિફોર્મ ઓફ ઓન્ટારિયોઝ પબ્લિક સર્વિસીઝ પરના કમિશન (Commission on the Reform of Ontario’s Public Services) ના ૩૬૨ સૂચનોમાંથી ૬૦ ટકા પર સરકાર આગળ વધી રહી છે અને બાકી રહેલાના અમલીકરણનો અભ્યાસ કરી રહી છે.

## વધુ જાણો

અંદાજપત્ર વાંચો

અંદાજપત્ર  પરનું વક્તવ્ય જુઓ

અંદાજપત્રના ફોટા જુઓ

## અંદાજપત્રની પૃષ્ઠભૂમિકા આપતી માહિતી વાંચો:

- ઓન્ટારિયોની અર્થવ્યવસ્થા પર એક નજર અને રાજવિત્તીય યોજના
- ઓન્ટારિયોના ડ્રાઇવરોને નાણાં બચાવવામાં મદદરૂપ થવું
- એક નિષ્પક્ષ સમાજ
- ધી ઓન્ટારિયો ટ્રિલીયમ બેનિફિટ (The Ontario Trillium Benefit): લોકો માટે વધુ વિકલ્પ
- યુવાવર્ગ માટે નોકરીઓનું નિર્માણ

અંદાજપત્રની મુખ્ય કલમો વાંચો.

**માત્ર વિજ્ઞાપન માધ્યમોની પૂછપરછ માટે:** **ontario.ca/finance-news**

Susie Heath, મંત્રીનું કાર્યાલય (Minister’s Office), ૪૧૬–૩૨૫–૩૬૪૫

Scott Blodgett, નાણાં મંત્રાલય (Ministry of Finance), ૪૧૬–૩૨૫–૦૩૨૪

**જાહેર જનતાની પૂછપરછ માટે:**

૧–૮૦૦–૩૩૭–૭૨૨૨

ટીટીવાય: ૧–૮૦૦–૨૬૩–૭૭૭૬